## 1. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યની સિદ્ધિઓમાં કૌટિલ્યનું પ્રદાન શા માટે યાદગાર છે ?

- બાલ્યાવસ્થામાં જ ચંદ્રગુપ્તમાં નેતૃત્વના ગુણો હતા. આ ગુણોને પારખીને તક્ષશિલાના આચાર્ય કૌટિલ્ય (ચાણક્ય) તેને શસ્ત્રો અને શાસ્ત્રોની તાલીમ આપવા માટે પોતાની સાથે લઈ ગયા. આચાર્ય કૌટિલ્યના માર્ગદર્શનથી ચંદ્રગુપ્ત નંદવંશના છેલ્લા રાજા ધનાનંદ પર રક્રમણ કર્યું અને તેનો વધ કરી મોર્ય સામ્રાજ્યની સ્થાપના કરી.
- તેણે ચાણક્યને પોતાના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યો. આ પ્રખર રાજનીતિજ્ઞ અને વહીવટી તજજ્ઞના સહારે ચંદ્રગુપ્ત મૌર્ય સામ્રાજ્યને મકાન બનાવ્યું. આમ, સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યની સિદ્ધિઓમાં કૌટિલ્યના પ્રદાને યાદગાર છે.

## 2. ''કલિંગનું યુદ્ધ લાંબું નહોતું ચાલ્યું, પરંતુ તેનાં પરિણામો દીર્ઘજીવી બન્યાં.'' સમજાવો.

- સમ્રાટ અશોકે ઈ. સ. પૂર્વે 261માં કલિગ પર આક્રમણ કર્યું. કલિંગના યુદ્ધમાં સમ્રાટ અશોકનો વિજય થયો. આ યુદ્ધ લાંબુ ચાલ્યું નહોતું, પરંતુ આ યુદ્ધમાં એક લાખ માણસો મૃત્યુ પામ્યા અને દોઢ લાખ માણસો ધાયલ થયા હતા, અનેક માણસો યુદ્ધ કેદીઓ તરીકે પકડાયા હતા.
- યુદ્ધ પછી પુરતી વૈદકીય સારવાર ન મળવાને કારણે તમજ ભૂખ તથા રોગચાળાથી મૃત્યુ પામ્યા હોય તેવા માણસોની સંખ્યા પણી મોટી હતી. આથી સમ્રાટ અશોકને ભારે આઘાત લાગ્યો. તેણે શસ્ત્રસંન્યાસ લીધો. કલિંગનું યુદ્ધ તેના જીવનનું અંતિમ યુદ્ધ બની રહ્યું. તે 'રાજદ્વારી પુરુષ'માંથી 'ધ મનુરિાગી પુરુષ' બની ગયો. આમ, કેલિગેનું યુદ્ધ લાંબું નોતું. ચાલ્યું. પરંતુ તેનાં પરિણામો દીર્ઘજીવી બન્યાં.

## 3. બૌદ્ધ ધર્મના વિકાસના ઇતિહાસમાં સમ્રાટ અશોકનું પ્રદાન શા માટે ઐતિહાસિક અને યાદગાર છે?

- કલિગના યુદ્ધમાં થયેલા ભીષણ નરસંહારથી વ્યથિત બનેલા સમ્રાટ અશોકે બોદ્ધ સાધુ ઉપગુપ્તના ઉપદેશથી શસ્ત્રસંન્યાસ લીધો અને બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. અહિંસા, સેવા અને સદાચારના પાયા પર રચાયેલા આ ધર્મે અશોકના મન પર ઊંડી અસર જન્માવી હતી.
- આ પછી અશોકે ઉત્તરમાં કશ્મીર અને ગાંધાર, દક્ષિણમાં ચોલ, પાંડય અને કેરલ રાજ્યોમાં તેમજ બ્રહ્મદેશ, શ્રીલંકા, સીરિયા, ઇજિપ્ત વગેરે દેશોમાં બૌદ્ધ ધર્મપ્રચારકોને મોકલ્યા હતા. આમ, પૂર્વ અને મધ્ય ભારતમાં સીમિત રહેલા બૌદ્ધ ધર્મને તેણે ભારતભરમાં તથા ભારત બહારના દેશોમાં ફેલાવ્યો હતો. આથી બોદ્ધ ધર્મના વિકાસના ઇતિહાસમાં સમ્રાટ અશોકનું પ્રદાન ઐતિહાસિક અને યાદગાર છે.

## 4. સમ્રાટ અશોકના અવસાન પછી વિશાળ મૌર્ય સામ્રાજ્ય શાથી લાંબો સમય ન ટક્યું?

- સમ્રાટ અશોકે અપનાવેલી 'યુદ્ધ નહિ'ની નીતિ તેના પુત્ર અને પૌત્રોએ પણ અપનાવી હતી. તેમને યુદ્ધ- કૌશલ્યમાં વૃદ્ધિ કરવામાં કોઈ રસ રહ્યો નહિ. આથી ભારતની સરહદે આવેલાં બળવાન રાજ્યોએ અશોકના મૃત્યુ પછી મોર્ય સામ્રાજ્યના સરહદી પ્રદેશો પર આક્રમણ કરીને તેને નિર્બળ બનાવી દીધું. સમ્રાટ અશોકની યુદ્ધવિરોધી, શાંતિમય અને અહિંસક નીતિના કારણે મૌર્ય સામ્રાજ્યના લશ્કરનાં જોમ અને જુસ્સો સમય જતાં ઓસરી ગયાં. સેનિકોમાં શિથિલતા અને પ્રમાદત્તિ આવી ગયો. વળી અશોકે બૌદ્ધ સંઘો, વિહારો અને મઠોને છૂટે હાથે દાન આપવાને કારણે શાહી કોષમાંથી ઘણી મોટી રકમ ખર્ચાઈ ગઈ. આથી સમ્રાટ અશોકના અવસાન પછી વિશાળ મૌર્ય સામ્રાજ્ય લાંબો સમય ન ટક્યું.

## 5. નંદવંશનો અંત ક્યારે અને કઈ રીતે આવ્યો?

➢ ઈ. સ. પૂર્વે 321માં નંદવંશનો અંતિમ સમ્રાટે ધનાનંદ સેનાપતિ ભદ્રશાલના નેતૃત્વ નીચે લડતાં ચંદ્રગુપ્ત મૌર્યના લશ્કર સામે હાર્યો અને નંદવંશનો અંત આવ્યો.

## 6. મૌર્યવંશની આધારભૂત અને વિશ્વસનીય માહિતી ક્યાં ક્યાંથી મળે છે?

➢ મોર્યવંશની આધારભૂત અને વિશ્વસનીય માહિતી 'કૌટિલ્યના અર્થશાસ્ત્ર', મૅગેસ્થનીસનું 'ઇન્ડિકા', શ્રીલંકાના દીપવંશ અને 'મહાવંશ' નામના બૌદ્ધ ગ્રંથો ઉપરાંત અભિલેખો, સ્તુપો, કવિ કલ્પણનું 'રાજતરંગિણી' વગેરે પ્રાથમિક આધારો પરથી મળે છે.

## 7. મૌર્યવંશની આધારભૂત અને વિશ્વસનીય માહિતી ક્યાં ક્યાંથી મળે છે?

➢ મોર્યવંશની આધારભૂત અને 'વિશ્વસનીય માહિતી કૌટિલ્યના અર્થશાસ્ત્ર', મૅગેસ્થનીસનું 'ઇન્ડિકા', શ્રીલંકાના દીપવંશ અને 'મહાવંશ' નામના બૌદ્ધ ગ્રંથો ઉપરાંત અભિલેખો, સ્તુપો, કવિ કલ્પણનું 'રાજતરંગિણી' વગેરે પ્રાથમિક આધારો પરથી મળે છે.

## 8. પાટલિપુત્રના વહીવટ માટે કેટલી સમિતિઓ હતી? કઈ કઈ?

➢ પાટલિપુત્રના વહીવટ માટે છ સમિતિઓ હતી : (1) વેપાર- ઉદ્યોગ સમિતિ, (2) પરદેશીઓની દેખરેખ રાખનાર સમિતિ, (3) જન્મમરણની નોંધ રાખનાર સમિતિ, (4) વેપાર-વ્યવસાય સમિતિ, (5) ઉત્પાદન નિયંત્રણ સમિતિ અને (6) વેચાણવેરા સમિતિ.

## 9. મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત એક શક્તિશાળી સમ્રાટ શાથી કહેવાય છે?

➢ મોર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત પ્રાચીન ભારતના ઇતિહાસમાં સૌપ્રથમ સામ્રાજ્ય સ્થાપનાર, ભજીતાયેલા પ્રદેશોમાં સુંદર, લોકકલ્યાણકારી અને વિકેન્દ્રિત વહીવટીતંત્ર સ્થાપનાર, વિદેશી શાસનમાંથી ભારતના એક નાના ભાગને મુક્ત કરનાર અને દક્ષિણ ભારતના પ્રદેશ સુધી પોતાનો પ્રભાવ વિસ્તારનાર રાજા હતો. આથી મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત એક શક્તિશાળી સમ્રાટ કહેવાય છે.

## 10.મૌર્યયુગથી ભારતની રાજકીય એકતાનું નિર્માણ કઈ રીતે થયું?

➢ મૌર્યયુગથી નાના નાના રાજ્યોનું એકીકરણ કરવામાં આવતાં એક વિશાળ અને ભારતવ્યાપી સામ્રાજ્યનો ઉદય થયો. ભારતના વિભિન્ન પ્રદેશોને સમ્રાટના એકચક્રી શાસન નીચે લાવીને સમગ્ર પ્રદેશમાં એ ક જ પ્રકારની રાજા અમલમાં મૂકવામાં આવી.

➢ ભારતે સૌપ્રથમ વાર રાજકીય એકતાનો અનુભવ કર્યો. સમગ્ર સામ્રાજ્યમાં એક જ પ્રકારની ન્યાયવ્યવસ્થા હતી. સમગ્ર સામ્રાજ્યમાં એક જ પ્રકારની લિપિનો ઉપયોગ થતો અને એક જ ભાષા બોલાતી હતી. સમગ્ર મૌર્ય સામ્રાજ્યમાં ધાર્મિક અને સાંસ્કૃતિક એકતાનું સર્જન થયું હતું. સમગ્ર સામ્રાજ્યનું સંચાલન 'વિશ્વબંધુત્વ'ની ઉમદા ભાવના દ્વારા કરવામાં આવતું હતું. આમ, મૌર્યયુગથી ભારતની રાજકીય એકતાનું નિર્માણ થયું.

11.મૌર્ય સામ્રાજ્યને ભારતનું પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્ય શાથી ગણવામાં આવે છે?

- મોર્યયુગથી ભારતના ઈતિહાસની ચોક્કસ અને આધારભૂત માહિતી પ્રાપ્ત થાય છે. આ યુગ દરમિયાન ચંદ્રગુપ્ત મૌર્યે સ્થાપેલા મગધના સામ્રાજ્યનો વિકાસ તેની ટોચ પર પહોંચ્યો હતો. નાનાં, છૂટાછવાયાં રાજ્યો એક જ સામ્રાજ્ય હેઠળ સંગઠિત થયાં હતાં અને રાજ કીય એકતા સધાઈ હતી.
- સમ્રાટ અશોકના રાજ્યકાળમાં અહિંસા, સેવા અને સર્વધર્મસમભાવ જેવાં લોકજીવનનાં ઉમદા મૂલ્યોની સ્થાપના થઈ અને દેશમાં શાંતિ, સલામતી તથા સમૃદ્ધિનો વ્યાપ વધ્યો. આથી મૌર્ય સામ્રાજ્યને ભારતનું પ્રથમ ઐતિહાસિક સામ્રાજ્ય ગણવામાં આવે છે.

12.સારનાથના શિલાતંભને મૌર્યકલાનો શ્રેષ્ઠ નમૂનો કેમ ગણવામાં આવે છે?

- અશોકના શિલાતંભો પૈકી સારનાથનો શિલારૂંભ મૌર્ય કલા-સ્થાપત્યનો સૌથી શ્રેષ્ઠ નમૂનો છે. એની શિરાવણીની પડધી(બેઠક) માં ચાર સિંહોનું શિલ્પ છે. તેના તળિયાના ભાગમાં હાથી, પોડા અને વૃષભનાં પશુશિલ્પોની વચ્ચે 24 આરાવાળું ધર્મચક્ર કંડારેલું છે.
- સારનાથના શિલારૂંભની આ શિલ્પકૃતિને સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય મુદ્રી તરીકે માન્ય કરવામાં આવી છે. તેમજ 24 પારાવાળા ધર્મચક્ર ને રાષ્ટ્રધ્વજ માં સ્થાન અપાયું છે. આથી સારનાથના શિલાસતંભને મોર્ય કલાનો શ્રેષ્ઠ નમૂનો ગણવામાં આવે છે.